# 8th India-Latvia Foreign Office Consultations

# 8માં ભારત લાટવિયા વિદેશ કચેરીનાં પરામર્શો

29 નવેમ્બર, 2022

ભારત અને લાટવિયા દ્વારા 20 નવેમ્બર 2022 નાં રોજ નવી દિલ્હીમાં વિદેશ કચેરીનાં પરામર્શો યોજ્યા હતા. ભારતીય પક્ષની આગેવાની ભારતનાં વિદેશ મંત્રાલયમાં સચિવ (પશ્ચિમ) શ્રી સંજય વર્મા દ્વારા કરવામાં આવી હતી. લાટવિયાનાં પક્ષની આગેવાની લાટવિયાનાં વિદેશ મંત્રાલયમાં રાજ્ય સચિવ શ્રીમાન એન્ડ્રિસ પેલ્સ દ્વારા કરવામાં આવી હતી.

2. ભારત અને લાટવિયા ઐતિહાસિક અને સાંસ્કૃતિક જોડાણો સાથે સ્નેહપૂર્ણ સંબંધો ધરાવે છે અને તાજેતરમાં રાજદ્વારી સંબંધોનાં 30 વર્ષ પૂર્ણ કર્યા છે. આ પરામર્શોમાં દ્વિપક્ષીય જોડાણોની સમીક્ષા કરવામાં આવી હતી અને પારસ્પરિક હિતનાં પ્રાંતિય અને આંતરરાષ્ટ્રિય મુદ્દાઓ પર દ્રષ્ટિકોણોનું આદાનપ્રદાન કરવામાં આવ્યું હતું.

3. બન્ને પક્ષોએ રાજકીય, આર્થિક, વાણિજ્યિક, રાજદ્વારી અને સાંસ્કૃતિક જોડાણો સહિત દ્વિપક્ષીય સંબંધોની સમગ્ર શ્રેણીની ચર્ચા કરી હતી. બન્ને પક્ષોએ ઇન્ડો-પેસિફિક, ભારતનાં પાડોશીઓ, યુરોપિયન યુનિયનમાં વિકાસો, યુક્રેન વિગ્રહ સંયુક્ત રાષ્ટ્ર સહિત બહુપક્ષીય મંચોમાં સહકાર અને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં સુધારાઓ સહિત પ્રાંતિય અને વૈશ્વિક મુદ્દાઓ પર દ્રષ્ટિકોણોનું આદાનપ્રદાન પણ કર્યું હતું.

4. બન્ને પક્ષો પરસ્પર સાનુકૂળ તારીખોમાં રિગામાં વિદેશ કચેરીનાં પરામર્શોનો આગામી રાઉન્ડ યોજવા સંમત થયા હતા.

**નવી દિલ્હી**
**29 નવેમ્બર, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.